## છેલ્લે... છેલ્લે...

- આકાશવાણી અમદાવાદના પૂર્વ નિર્દેશિતા વસુબેન ભટ્ટનું ૯૬ વર્ષની વયે નિધન
- આજે સિંધુ-ટીકરી-પલવલ અને ઝાંઝીપુર બોર્ડર પર ખેડૂત નેતાઓ ઉપવાસ કરશે.
- આબુરોડ નગરપાલિકામાં ભાજપને સ્પષ્ટ બહુમતી.
- આજ રાતથી આરટીજીએસ સુવિધા ૨૪ કલાક માટે પ્રાપ્ત થશે.
- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દીવની મુલાકાતે આવી રહ્યા છે.
- રીપબ્લીક ટીવીના સીઈઓ વિકાસ ખનચંદાનીની ધરપકડ કરાઈ.
- ખેડૂતો અને સરકાર વચ્ચે ૧૫મીએ મંત્રણા-વાતચીત યોજાવાની સંભાવના.

# દૂધસાગર ડેરીના વિપુલ ચૌધરીની સીઆઈડી ક્રાઈમ દ્વારા ધરપકડ

## ચૂંટણી પહેલાં રાજકીય માહોલ ગરમાયો : કર્મચારીઓના પગાર અને બોનસ બાબતે થયેલી કરોડોની ઉચાપત કેસમાં સીઆઈડી દ્વારા ગુનો દાખલ કરીને તપાસ

મહેસાણા,તા.૧૩

દૂધ સાગર ડેરીમાં આગામી સમયમાં યોજાનારી ચૂંટણી પહેલાં જ સાગર દાણ કૌભાંડના મામલે સહકાર આગેવાન અને પૂર્વ ગૃહમંત્રી વિપૂલ ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. દૂધસાગર ડેરીના કર્મચારીઓના પગાર અને બોનસ બાબતે થયેલી કરોડોની ઉચાપત કેસમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં પૂર્વ ગૃહમંત્રી અને ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી આરોપી હતા. જે કેસમાં સીઆઈડી ક્રાઈમે તેમની શનિવારે મોડીરાત્રે ધરપકડ કરી છે. આ મામલે ગત રાત્રે ગાંધીનગરમાં તેમની અટકાયત કરવામાં આવી હતી જ્યારે આજે બપોરે સીઆઈડી ક્રાઈમ દ્વારા ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર નાટકીય ઘટનાક્રમ બાદ વિપુલ ચૌધરીનું એક લેખિત નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છેકે, આ કોઈ સાગરદાણનું કૌભાંડ નથી. આ કેસ રાજ્ય રજિસ્ટ્રારના હુકમ સામે સહકારી ટ્રીબ્યુનલ દ્વારા મનાઈ હુકમ આપવામાં



આવ્યો છે. આ મામલે ૧૧.૨૫ કરોડ ડેરીમાં જમા કરાવ્યા છે. આ કેસમાં સીઆઈડી ક્રાઈમે વિપુલ ચૌધરીની ધરપકડ કરી છે. મહેસાણા ડેરીમાં બોર્ડ ડિરેક્ટર્સની ચૂંટણી જાહેર થાય તે પહેલાં જ ચૌધરીની ધરપકડના મામલે માહોલ ગરમાયો છે.

મહેસાણામાં તેમના સમર્થકો એકઠા થઈ રહ્યા છે અને તેમનામાં રોષની લાગણી જોવા મળી રહી છે. દરમિયાન વિપૂલ ચૌધરી દ્વારા આ ધરપકડ અંગે એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં જે સાગર દાણ મોકલવામાં આવ્યું છે તેમાં કોઈ કૌભાંડ નથી. આ કેસમાં રાજ્ય રજિસ્ટ્રારના હુકમ સામે સહકારી ટ્રીબ્યુનલ દ્વારા મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. આ મનાઈ હુકમની શરત મુજબ ૯ કરોડ જમીનનનું બનાખત કરીને મેં ભર્યા છે. કુલ આ મામલે ૧૧.૨૫ કરોડ ડેરીમાં જમા કરાવ્યા છે. ૯ કરોડ ભરવા પૈસા ઉછીના લેવા પડ્યા હતા. આ રૂપિયા પરત કરવા જમીનનું બાનાખત કરવું પડ્યું છે.કોણ છે વિપુલ ચૌધરી? વર્ષ ૧૯૯૫માં ભાજપની કેશુભાઈની સરકાર સામે બળવા બાદ શંકરસિંહ વાઘેલાના નેતૃત્વમાં રચાયેલી રાજપા સરકારમાં વિપુલ ચૌધરી ગૃહ પ્રધાન અને વાહન વ્યવહાર પ્રધાન બન્યા હતા. જોકે બાદમાં શંકરસિંહ વાઘેલા સાથે મતભેદો ઊભા થતાં તેમનો સાથ છોડી દીધો હતો અને ફરીથી ભાજપમાં જોડાયા હતા. આ દરમિયાન તેઓ ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના અને દૂધ સાગર ડેરીના ચેરમેન બન્યા હતા. જોકે સમય જતા બન્ને પદ પણ ગુમાવવા પડ્યા હતા.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૧૭૫ કેસ

ગાંધીનગર,તા.૧૩

રાજ્યમાં કોરોનાની સ્થિતિ કાબૂમાં આવી રહી છે. ધીમે ધીમે સંક્રમિતોની સંખ્યામાં ઘટાડો થતો હોવા મળી રહ્યો છે. ત્યારે ગુજરાતમાં ગત ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના ૧૧૭૫ કેસ નોંધાયા હતા. જો કે રાત્રી કરફ્યુ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે.

રાજ્યમાં ૧૩૪૭ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૧૦,૨૧૪ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૨.૩૩ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૫,૯૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૬૧.૩૭ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૬,૬૯,૫૭૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૩૯,૫૧૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૩૯,૩૭૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૩૯ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઇન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૩,૨૯૮ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૫ છે. જ્યારે ૧૩,૨૩૩ લોકો સ્ટેબલ છે. ૨,૧૦,૨૧૪ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૧૭૧ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૧ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૦૮, સુરત કોર્પોરેશન ૦૩ સહિત કુલ ૧૧ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડા કોરોનાથી સંક્રમિત

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા કોરોના વાયરસથી સંક્રમિત થયા છે. જેપી નડ્ડાએ ટ્વીટ કરીને ખુદ આ માહિતી આપી છે. મહત્વનું છે કે જેપી નડ્ડા હાલમાં પશ્ચિમ બંગાળના બે દિવસીય પ્રવાસે ગયા હતા. ભાજપના અધ્યક્ષે ટ્વીટ કરીને કહ્યુ



કે, કોરોનાના શરૂઆતી લક્ષણ દેખાતા તેમણે ટેસ્ટ કરાવ્યો, જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

તેમણે કહ્યું કે, મારી તબીયત સારી છે, ડોક્ટરોની સલાહ પર હોમ આઈસોલેશનમાં તમામ દિશા-નિર્દેશોનું પાલન કરી રહ્યો છું. મારી વિનંતી છે કે પાછલા દિવસોમાં જે લોકો મારા સંપર્કમાં આવ્યા તે સ્વયંને આઈસોલેટ કરી પોતાનો ટેસ્ટ કરાવે. હાલમાં જેપી નડ્ડા બંગાળના પ્રવાસે હતા. આ દરમિયાન તેમના કાફલા પર હુમલો પણ થયો હતો. જે સમયે ભાજપ અધ્યક્ષ ડાયમંડ હાર્બર તરફ જઈ રહ્યાં હતા, ત્યારે રસ્તામાં તેમના કાફલા પર પથ્થર ફેંકવામાં આવ્યા અને હુમલો થયો હતો. આ દરમિયાન નડ્ડા તો સુરક્ષિત રહ્યા, પરંતુ કૈલાશ વિજયવર્ગીયને ઈજા થઈ હતી.

# જ્યારે અડધું ભારત ભુખ્યું છે તો નવું સંસદ ભવન કેમ?

## દેશ મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો છે તો એવા સમયે આટલી મોટી ઈચ્છાપૂર્તિની શું જરૂર છે : હસનનો સવાલ

ચેન્નાઈ, તા. ૧૩

તમિલનાડુમાં ૨૦૨૧માં યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પોતાની પાર્ટી મક્કલ નિધિ મય્યમ (સ્દ્ગઉઁ) માટે ચૂંટણી પ્રચાર શરૂ કરવાના અમુક કલાકો પહેલા અભિનેતાથી નેતા બનેલા કમલ હાસને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર શાબ્દિક પ્રહાર કર્યો છે. હાસને પ્રધાનમંત્રી પર નવા સંસદ ભવનના શિલાન્યાસને લઈને નિશાન સાધ્યું છે. તેમણે સવાલ કર્યો છે કે જ્યારે દેશ મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો છે તો એવા સમયે આટલી મોટી ઈચ્છાપૂર્તિની શું જરૂર હતી.



દિગ્ગજ એક્ટર અને મક્કલ નિધી મય્યમ (સ્દ્ગઉઁ)ના સંસ્થાપકે રવિવારે પૂછ્યું કે એવા સમયે જ્યારે દેશ ગંભીર ચડતી-પડતીનો સામનો કરી રહ્યો છે તો આ પ્રકારના માટો સ્તરે નાણાંકીય ખર્ચનો શું મતલબ છે. હાસને પોતાના ટ્વીટમાં લખ્યું, કોરોના વાયરસના કારણે જ્યારે દેશની અડધી વસ્તી ભૂખી છે, લોકો આજીવિકા ગુમાવી રહ્યા છે, ૧૦૦૦ કરોડ રૂપિયાની નવી સંસદ કેમ? જ્યારે ગ્રેટ વોલ ઓફ ચાઈનાનું નિર્માણ કરાઈ રહ્યું હતું તો હજારો લોકોના મોત થયા હતા, તે સમયે શાસકોએ કહ્યું હતું કે આ લોકોની રક્ષા કરશે. કોની રક્ષા માટે તમે ૧૦૦૦ કરોડ રૂપિયાના સંસદનું નિર્માણ કરી રહ્યા છો? મારા માનનીય ચૂંટાયેલા પ્રધાનમંત્રી જવાબ આપે.' ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૦ ડિસેમ્બરે નવા સંસદ ભવનનું ભૂમિપૂજન કર્યું હતું. સંસદનું આ નવું ભવન ૨૦,૦૦૦ કરોડના સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી ફેલાયેલા ૧૩.૪ કિલોમીટર લાંબા રાજપથ પર પડતા સરકારી ભવનોના પુનઃનિર્માણ કરવામાં આવશે.

# એક જ દિવસમાં ગાંધીનગરમાં પ્રોહીબિશનના કુલ ૧૩૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની કડક સુચનાને પગલે જિલ્લા પોલીસ કાર્યવાહી કરતા બુટલેગરોમાં ભય ફેલાયો છે. જિલ્લા પોલીસે ડ્રાઈવ યોજીને વિવિધ પોલીસ મથક વિસ્તારમાં કેસ કર્યા હતા. જેમાં સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં ૯ કેસ, સેકટર-૭ પોલીસ મથક ખાતે ૧૭, ઈન્ફોસીટીમાં ૪, પેથાપુરમાં ૫, ચિલોડામાં ૧૦, ડભોડામાં ૧૦, દહેગામમાં ૧૦ રખીયાલમાં ૫ મળી ગાંધીનગર ડિવીઝનમાં કુલ-૭૦ કેસ નોંધાયા હતા.

જયારે ગાંધીનગર પોલીસે એક જ દિવસમાં દારૂ વેચાણના અને પીવાના મળી પ્રોહીબિશનના કુલ ૧૩૮ કેસ નોંધ્યા હતા. ગત તા.૧૨ ડિસેમ્બરના રોજ ૨૦ કેસ દારૂ પીવાના, અને ૧૧૮ કેસ દારૂના કબ્જાના છે. જેમાં મોટાભાગના કેસ દેશી દારૂ વેચવાના છે. જયારે કલોલ તાલુકામાં ૧૬, કલોલ શહેરમાં ૨૦, અડાલજમાં ૧૪, સાંતેજમાં ૯, અને માણસા પોલીસ મથક વિસ્તારમાં ૯ મળી કલોલ ડિવિઝનમાં ૬૮ કેસ નોંધાયા હતા.



વરસાદ બાદ મુખ્ય માર્ગોની સાથોસાથ સેક્ટરોના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. તેમ છતાં હજુ એવા ઘણાં સેક્ટરો છે જ્યાં આંતરિક માર્ગોની હાલત ખૂબ ખરાબ છે. સ્વામીનારાયણ મંદિર જવાના માર્ગે પડેલો મસ મોટો ખાડો વાહનચાલકો માટે મુશ્કેલીરૂપ બની રહ્યો છે.

# ખેડૂત આંદોલનમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ ફરીવાર સક્રિય

## આ બેઠકમાં અશ્વિની શર્મા, કેન્દ્રીય વાણિજ્ય મંત્રી સોમ પ્રકાશ સહિત પંજાબ ભાજપના અન્ય નેતા સામેલ રહ્યા

કૃષિ કાયદાને રદ કરવાની માંગને લઈને પ્રદર્શન કરી રહેલા કિસાનોનું આંદોલન ૧૮મા દિવસમાં પ્રવેશ કરી ચુક્યુ છે. કેન્દ્ર સરકાર અને કિસાનો વચ્ચે ગતિરોધ જારી છે. કેન્દ્ર સરકાર અને કિસાનો વચ્ચે ઘણા રાઉન્ડની વાતચીત થઈ ચુકી છે, પરંતુ કિસાન કાયદાને રદ કરવાથી ઓછી કોઈ શરત માનવા તૈયાર નથી.

આ વચ્ચે ગૃહ મંત્રી અમિત શાહ આ મુદ્દા પર રવિવારે ફરી સક્રિય થયા છે. અમિત શાહે પહેલા પંજાબ ભાજપના નેતાઓ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં અશ્વિની શર્મા, કેન્દ્રીય વાણિજ્ય મંત્રી સોમ પ્રકાશ સહિત પંજાબ ભાજપના અન્ય નેતા સામેલ રહ્યા હતા. આ નેતાઓએ કિસાન આંદોલનને લઈને ગૃહ મંત્રીને પંજાબની જમીની સ્થિતિની જાણકારી આપી હતી.

ત્યારબાદ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર પણ ગૃહ મંત્રી અમિત શાહને મળ્યા હતા. આ દરમિયાન કિસાન આંદોલન પર ચર્ચા થઈ હતી. આ બેઠકની વધુ વિગત હજુ સામે આવી નથી.

રવિવારે કેન્દ્રીય વાણિજ્ય



મંત્રી સોમ પ્રકાશે કહ્યુ કે, પ્રદર્શનને લઈને જીદ પર અડીગ કિસાન યૂનિયનના નેતા અપ્રાસંગિક થઈ જશે. કેન્દ્રીય વાણિજ્ય રાજ્યમંત્રી સોમ પ્રકાશે કહ્યુ કે, સંભવ છે કે આ નેતા યૂનિયન પર પોતાનું નિયંત્રણ ગુમાવી દે અને બીજા કિસાન નેતા ઉભરે. કેન્દ્રીય મંત્રીએ કહ્યુ કે, જે નેતા સમય રહેતા નિર્ણય લેતા નથી તે નેતા રહેવા યોગ્ય રહેતા નથી.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યુ કે, જે કેટલાક મહત્વના લોકો આજે નવા કૃષિ કાયદાનો વિરોધ કરી રહ્યાં છે તે માત્ર વિરોધ માટે વિરોધ કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે, આ તે લોકો હતા જે થોડા દિવસ પહેલા કાયદાની જરૂરીયાત ગણાવી રહ્યાં હતા. રવિશંકર પ્રસાદે કહ્યુ કે, ભાજપ જનતાને જણાવશે કે આ કાયદો કઈ રીતે તેને ફાયદાકારક થવાનો છે.

# દેશમાં આજથી ૨૪ કલાક આર.ટી.જી.એસ.ની સર્વિસ શરૂ

નવી દિલ્હી, તા. ૧૩

હવે તમારે ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરવા માટે દિવસ, રાત અથવા સમય શોધવાની જરૂર નથી. આજની રાત ૧૨:૩૦ વાગ્યાથી ઓનલાઈન બેંકિંગ ટ્રાન્સફરની આરટીજીએસ સર્વિસ ૨૪ કલાક ૩૬૫ દિવસ કામ શરૂ કરશે.

રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર આજ રાત ૧૨ વાગ્યે એટલે કે, મધ્યરાત્રિ ૧૨:૩૦ વાગ્યાથી આરટીજીએસ સર્વિસ દરેક સમયે હાજર રહેશે. ભારત વિશ્વના પસંદગીના દેશોમાં જોડાશે, જ્યાં આવા મોટા વ્યવહારો ૨૪ કલાક થાય છે. ૧૬ વર્ષ પહેલાં માર્ચ ૨૦૦૪માં ફક્ત ૩ બેંકો સાથે આરટીજીએસ સેવા શરૂ કરવામાં આવી હતી અને હવે ૨૩૭ બેંકો આ સેવા સાથે જોડાયેલી છે. આરટીજીએસ દ્વારા દરરોજ ૪ લાખ કરોડ રૂપિયાના ૬ લાખથી વધુ ટ્રાન્ઝેક્શન થાય છે.

અત્યાર સુધી તમે આરટીજીએસ દ્વારા સવારે ૭થી સાંજના ૬ વાગ્યા સુધી નાણાંનો વ્યવહાર કરી શકતા હતા, તે પણ બેંકિંગના કામકાજના દિવસોમાં. શનિવારે આ સુવિધા ફક્ત બપોરે ૨ વાગ્યા સુધી મળતી હતી. મહિનાના બીજા અને ચોથા શનિવારે, બેંક હોલિડે, સાર્વજનિક હોલિડે અને રવિવારે કોઈ લેવડદેવડ થતી નહોતી.

આરટીજીએસ એટલે રીઅલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ, તેનો ઉપયોગ મોટા પ્રમાણમાં પૈસા ટ્રાન્સફર કરવા માટે થાય છે. એનઈએફટી દ્વારા તમે ૨ લાખ રૂપિયા સુધી નાણાં ટ્રાન્સફર કરી શકો છો, આરટીજીએસમાં ઓછામાં ઓછા ૨ લાખથી વધુ ટ્રાન્સફર થઈ શકે છે, આ માટે કોઈ ઉપરી મર્યાદા નથી. એનઈએફટી કરતાં આરટીજીએસ ખૂબ ઝડપી છે, પૈસા તરત જ એક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર થાય છે, જ્યારે એનઈએફટી ટ્રાન્સફરમાં થોડો સમય લાગે છે. કોઈપણ એકાઉન્ટ ધારક દ્વારા આરટીજીએસ સેવાનો ઉપયોગ કરી શકાય છે. ૨૬ માર્ચ ૨૦૦૪ના રોજ આરટીજીએસની સર્વિસ શરૂ કરવામાં આવી હતી. અગાઉ આ સુવિધા ફક્ત ૪ બેંકોમાં જ ઉપલબ્ધ હતી. હવે ૨૩૭ બેંકો, નાણાકીય સંસ્થાઓ તેની સાથે સંકળાયેલી છે. જેના કારણે દરરોજ ૪.૧૭ લાખ કરોડ રૂપિયાની લેવડદેવડ થાય છે. એકલા નવેમ્બર ૨૦૨૦માં, આરટીજીએસ પાસેથી ૫૭.૯૬ લાખ કરોડ રૂપિયાનું ટ્રાંઝેક્શન થયું હતું.

આરટીજીએસ સર્વિસ ખૂબ અનુકૂળ અને ઝડપી છે, પરંતુ તેના માટે તમારે થોડી કિંમત ચૂકવવી પડશે. દરેક બેંક તેના હિસાબથી તેના પર ચાર્જ વસુલ કરે છે. આ ચાર્જ પૈસા મોકલનાર પર વસૂલવામાં આવે છે, પૈસા પ્રાપ્તકર્તાએ કોઈ ચાર્જ ચૂકવવો પડતો નથી. ૨ લાખથી ૫ લાખ રૂપિયા સુધીના પૈસા મોકલવા માટે ટ્રાંઝેક્શન દીઠ ૩૦ રૂપિયા ચાર્જ લાગે છે. ૫ લાખથી વધુના પૈસા મોકલવા માટે ૫૫ રૂપિયા સુધીની ચાર્જ લેવામાં આવે છે. આ ચાર્જ અલગ પણ હોઈ શકે છે, તમે આ માટે તમારી બેંકનો સંપર્ક કરી શકો છો.

# ખેડૂત આંદોલન : કેજરીવાલ એક દિવસના ઉપવાસ કરશે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કિસાનોના સમર્થનમાં કાલે (સોમવાર) એક દિવસનો ઉપવાસ રાખશે. તેમણે લોકોને ઉપવાસ રાખવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે, બધા લોકો પોતાના ઘરમાં એક દિવસનો ઉપવાસ રાખે અને કિસાનોની માંગનું સમર્થન કરે.

અરવિંદ કેજરીવાલે કહ્યુ કે, દેશના ઘણા ખેલાડીઓએ કિસાનોનું સમર્થન કર્યું છે, શું તે એન્ટી નેશનલ છે? શું દેશના વકીલ, વ્યાપારી એન્ટી નેશનલ છે? અન્ના હજારેના આંદોલન દરમિયાન કોંગ્રેસની સરકાર બદનામ કરતી હતી, તેજ રીતે કિસાન આંદોલનને બીજેપી બદનામ કરી રહી છે.

ડિજિટલ કોન્ફરન્સમાં સીએમે કહ્યુ કે, હું પૂછવા ઈચ્છુ છું કે અહીં ઘણા પૂર્વ સૈનિક બેઠા છે, જેણે દેશની રક્ષા કરવા માટે પોતાના જીવની બાજી લગાવી હતી. શું આ બધા લોકો anti-national છે.

હું ભાજપના નેતાઓ અને કેન્દ્રીય મંત્રીઓને પૂછવા ઈચ્છુ છું કે એવા કેટલા ખેલાડી છે, જેણે આંતરરાષ્ટ્રીય સ્તર પર દેશ માટે નામ કમાયુ અને મેડલ જીતી લાવ્યા. આવા કેટલા ખેલાડી કિસાનોની સાથે બેઠા છે, પોત-પોતાના ઘરોમાં બેસીને દુવાઓ મોકલી રહ્યાં છે, શું તે anti-national છે? કેટલા સિંગર અને સેલિબ્રિટી છે જે કિસાનોના બાળકો અને કિસાન પરિવારથી આવે છે. આ બધા લોકો તેનું સમર્થન કરી રહ્યાં છે શું તે બધા anti-national છે? વેપારીઓ અને વકીલોએ પણ કિસાનોનું સમર્થન કર્યું તો તે પણ anti-national છે?

કેજરીવાલે કહ્યુ કે, જ્યારે અમે અન્ના આંદોલન કરી રહ્યા હતા ત્યારે રામલીલા મેદાનમાં આંદોલન થઈ રહ્યુ હતું અને અમારા વિરુદ્ધ પણ બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની જેમ આજે ભાજપ કિસાનોનું આંદોલન બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યો છે.

કેજરીવાલે કહ્યુ કે, દેશના કિસાનોને એન્ટી નેશનલ કહેવાની હિંમત ન કરવી. પહેલા અનાજના સ્ટોરેજની લિમિટ હતી, સ્ટોક કરવા પર કાર્યવાહી થતી હતી. સંગ્રહખોરી કરવો ગુનો હતો કારણ કે તેના કારણે તંગી થતી હતી.

# મિલ્કત માલિકોનો વિવાદિત પ્રશ્ન ઉકેલાતાં અસરગ્રસ્ત વસાહત મહામંડળનું સાતે ગામમાં વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર વિસ્તારમાં સમાવેશ કરવામાં આવેલ ઈન્દ્રોડા, ધોળાકુવા, આદિવાડા, ફતેપુરા, બોરીજ, પાલજ અને બાસણ ગામની વર્ષો જૂની મિલકતોની માલિકીનો અનિર્ણિત વિવાદનો ન્યાયપૂર્ણ ઉકેલ લાવી પ્રોપર્ટી કાર્ડ અપાવી માનવીય અભિગમ દાખવનાર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના ઐતિહાસિક નિર્ણયને કાયમી સંભારણા બની રહે તે માટે આજરોજ સાતે ગામોમાં જે તે ગામોની પ્રાથમિક શાળામાં, માધ્યમિક શાળામાં, મંદિરની જગ્યામાં વૃક્ષારોપણ કાર્યક્રમ ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ બિહોલા, ઉપપ્રમુખ ચંદુજી ઠાકોર, બળદેવજી ઠાકોર, ભીખુસિંહ બિહોલા, બાદરજી ઠાકોર, બચુજી મકવાણા, ભગુજી ચાવડા, મનુજી ઠાકોર, પ્રદ્યુમનસિંહ વાઘેલા, રતનસિંહ બિહોલા, રણછોડભાઈ ઠાકોર અને આગેવાનો સમસ્ત ગ્રામજનોની હાજરીમાં હર્ષોલ્લાસ સાથે માસ્ક અને યોગ્ય અંતર સાથે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

નાગરીક ઘાયલ થયો હતો. પોલીસ અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે સુરક્ષાદળોએ પુલવામાના તિક્કન વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદીઓ તરફથી પહેલા ગોળીબારી શરુ થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાને પોતાની ગતિવિધિઓ તેજ કરી દીધી છે. થોડા સપ્તાહ પહેલા સુરક્ષાદળોને નરરોટા શહેરમાં મોટી સફળતા મળી હતી. અહીં જવાનોએ જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

અધિકારીઓએ જાણકારી આપી હતી કે આતકંવાદી એક ટ્રકમાં સંતાઈને આવ્યા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે આંતકવાદી ૨૬/૧૧ની વર્ષગાંઠ ઉપર મોટો હુમલો કરવાનું ષડયંત્ર કરી રહ્યા હતા. રાજ્યમાં ચાલું છે ઢ્ઢઝ ચૂંટણીજમ્મુ-કાશ્મીરમાં ડિસ્ટ્રિક્ટ ડેવલોપમેન્ટ બોર્ડની ચૂંટણી ચાલું છે. જેના પગલે રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ કડક બનાવી છે. રવિવારે કહ્યું કે ૩૧ નિર્વાચન ક્ષેત્રો ઉપર ૬ તબક્કામાં મતદાન થશે. આ સાથે જ ૩૩૪ પંચ અને ૭૭ સરપંચ સીટો માટે પણ મતદાન કરવામાં આવશે. આ ચૂંટણીના પગલે આખી કશ્મીર ઘાટીમાં મલ્ટી ટિયર સુરક્ષા તૈનાત કરવામાં આવી છે.

## નવા ૫૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૧૭ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. શહેરમાં કોરોનાની ગતિ ધીમી પડી છે. જો કે મોટીવયના લોકો અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે દર્દીઓની સંખ્યા ૨૯૦૯ થવા પામી છે. આજે નોંધાયેલા ૧૭ કેસમાં ૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં બે દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડ્યા છે. આજે જે કેસો નોંધાયા છે તેમાં મનપાના કમિશનરના અંગત મદદનીશ, મિઠાઈના વેપારી, એસોસીએટ સી.એ., મધ્ય ગુજરાત વીજ કંપનીના કર્મયોગીનો સમાવેશ થાય છે. આજે સે. ૭ માંથી ૪ કેસ ઉપરાંત ઈન્ફોસીટી, સે. ૧૩, સે. ૨૪ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૪, સે. ૩, સે. ૨૬, સે. ૧૭, સે. ૫, સે. ૨૭ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં અત્યાર સુધીમાં નોંધાયેલા ૨૯૦૯ કેસમાંથી ૧૦૦૦થી વધુ મહિલા દર્દીઓ સામેલ હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ૨૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.